# Fun with Family

Day-12 | 10 April, 2020



BAPS

# “Murti Darshan quiz”

બાળમિત્રો, સારંગપુરના ઘનશ્યામ મહારાજના
દર્શન ધ્યાનથી કરો અને નીચે રહેલી
લીંક દબાવી Quiz માં ભાગ લો.



https://bit.ly/3c6yHh6

આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજની ખૂબ ઈચ્છા છે કે
બાળકો 'સહજાનંદ નામવલી' મોઢે કરે.
તો ચાલો, આજે ૨૦ નામનો મુખપાઠ થઈ જાય...

https://bit.ly/2RojZtV

## 'Word Challenge'

અહીં આપેલા મંદિર સંબંધી ગુજરાતી અને અંગ્રેજી
શબ્દોની ગોઠવણી કરો.

| | | | |
|---|---|---|---|
| ખશં, | લઝાર, | rugaan, | harkish, |
| શકળ, | થિગચાપ, | દક્ષિણાપ્ર, | ગૃહગર્ભ, |
| jaahd, | truim, | ટમ્મઘુ | રતીઆ |

Now it's time for 'સત્સંગ વિહાર ક્વીઝ'.

https://bit.ly/2wrZBRj | Gujarati

https://bit.ly/2xhi6bw | Hindi

https://bit.ly/2VfBHkh | English

# મારો પરિવાર - સંપેલો પરિવાર




## “Family Tree”

બાળમિત્રો, હવે મમ્મી-પપ્પાની મદદ લઈ આપણે આપણા પરદાદાથી લઈ અત્યાર સુધીના પરિવારનું એક **“Family Tree”** બનાવશું... જો જો! કોઈનું નામ રહી ન જાય...

## “Yummy...”

આજે મમ્મી પાસેથી દહીં કેવી રીતે જમાવી શકાય તે શીખીશું અને ૧ વાટકી **Special** દહીં જમાવી ઠાકોરજીને જમાડીશું...





## ‘‘સફાઈ સેવક’’

ચાલો, આજે ઘરના સંડાસ-બાથરૂમની સાફ સફાઈ કરીએ... પણ બાળમિત્રો, ધ્યાન રાખજો પાણીનો બગાડ ન થાય.

# Fun Zone




## ‘‘પપ્પા જોડેથી શીખો’’

હવે, પપ્પાની મદદ
લઈ અહીં આપેલા રસ્તાના
**Signboards**
શું દર્શાવે છે?
તે સમજો-દોરો-લખો.



## “Pillow Race”

હવે ઘરના બધા સભ્યો વચ્ચે
**Pillow Race** થશે...
કઈ રીતે? લીંક દબાવો અને રમત શીખો?

https://bit.ly/3ebWe1G



## ‘‘માર્યા લોચા’’

અહીં આપેલું વાક્ય સ્પીડમાં, અટક્યા વગર ૬ વાર બોલવાનું છે...
જોઈએ પરિવારમાં કોણ લોચા મારે છે?



**મારા મામા, મામા મારા... (Level-1)**

**શ્રુતિની પુત્રી કૃતિ... (Level-2)**

**ગાય ઘાસ ખાય, ભેંસ ઘાસ ખાય (Level-3)**

# "Family Challenge"

**આજે વાર્તા બનાવતા શીખીશું...**
**અહીં થોડા પાત્રો મૂક્યાં છે.. તે પાત્રોને સમાવતી એક સરસ મજાની વાર્તા પરિવારના બધા સભ્યો સાથે બેસીને તૈયાર કરો...**
**અને અમારી સાથે Share કરો...**



ઉડતો ઘોડો



રાજાનો કુંવર



ઋષિ



કુવો



રાક્ષસ



જાદુઈ તલવાર



મંદિર



માળા

**શ્રેષ્ઠ વાર્તાને આગામી "Fun with Family" અંકમાં મૂકવામાં આવશે**

# My Guru, My Life

હવે, આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજ
બાળકોને કેવો પ્રેમ અને લાભ
આપે છે તે વિડિયો દ્વારા
આખો પરિવાર સાથે બેસીને જોઈશું...



https://bit.ly/2x9unyO

# શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે....

(શ્રીમદ્ ભગવદ્ ગીતા એ સૌથી વધુ પ્રસિદ્ધ હિંદુ ધર્મગ્રંથ છે. જેમાં મહાભારતના યુદ્ધ મેદાનમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને આપેલ સુંદર ઉપદેશનો ૧૮ અધ્યાયના ૭૦૦ શ્લોકોમાં સંચય છે. શ્રીજીમહારાજે પણ વચનામૃતમાં અવાર-નવાર ગીતાના સંદર્ભો ટાંક્યા છે. )


॥ શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્ ॥ (અધ્યાય : ૪, શ્લોક : ૩૯)

- શબ્દ સમજૂતિ : શ્રદ્ધાવાન્ = શ્રદ્ધાવાળો, લભતે = પામે છે, જ્ઞાનમ્ = જ્ઞાન
- ભાવાર્થ : શ્રદ્ધાવાળો વ્યક્તિ (જ) જ્ઞાન પામે છે. (મેળવી શકે છે.)

બાળમિત્રો ! આ નાનકડા વાક્યમાં શ્રીકૃષ્ણ ભગવાને સફળતાનો મુખ્ય સિદ્ધાંત કહી દીધો છે. તેઓ કહે છે : દુનિયાનું કે ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરવા શ્રદ્ધા રાખવી અનિવાર્ય છે. ચાલો, એક સત્યઘટના દ્વારા આ ઉપદેશને દૃઢાવીએ.

અનેક હિંદુ શાસ્ત્રોમાં વિમાનનો ઉલ્લેખ જોવા મળે છે. હજારો-લાખો વર્ષો પહેલાં આપણા પૂર્વજો આકાશમાં ઉડવાનું વાહન બનાવવાની વિદ્યા જાણતા હતા. પરંતુ કાળક્રમે તે જ્ઞાન-વિદ્યા લુપ્ત થઇ ગઇ. સને ૧૯૦૩માં અમેરિકાના બે ભાઇઓ રાઇટ બ્રધર્સ (ઓરવીલ રાઇટ અને વિલ્બર રાઇટ) આ વિદ્યા મેળવવા મથવા લાગ્યા. 'પક્ષીઓની જેમ આપણે પણ હવામાં કેમ ન ઊડી શકીએ ?' એ વિચાર સાથે, તેમણે પક્ષીઓની શરીરરચના જેવા જ વાયુયાન બનાવવાના પ્રયોગો શરૂ કર્યા.

પરંતુ હવામાં ઊડવું કાંઇ સહેલું છે? તેઓના અનેક પ્રયત્નો નિષ્ફળ ગયા. પોતે બનાવેલ પ્લેન થોડી જ વારમાં નીચે પડી જતું. તૂટી જતું. ને ભારે નુકશાન થતું. ક્યારેક તો તેમને શારીરિક ઇજા પણ થતી. આ બધું જોવાવાળા લોકોને તો આ નાટક જેવું લાગતું. બધા રાઇટ બ્રધર્સને કહેતા, 'હવામાં ઊડવાનું રહેવા દો. ભગવાને બે પગ આપ્યા છે, તો જમીન પર વ્યવસ્થિત ચાલોને...'



છતાં આ બે ભાઇઓએ શ્રદ્ધા ન ગુમાવી. પૂર્વે થયેલ ભૂલોને સુધારી તેમણે નવાં વિમાનો બનાવ્યાં. અને જાહેર કર્યું કે ૧૭મી ડિસેમ્બર ૧૯૦૩ના દિવસે તેઓ તેના પ્રયોગો કરશે. આ પહેલાં અમેરિકાના વિખ્યાત વૈજ્ઞાનિક સિમોન ન્યૂકોંબે વિમાન બનાવવાના પ્રયોગ વિશે જણાવ્યું હતું કે 'હવામાં ઊડવું શક્ય જ નથી. સાત વર્ષ પહેલાં એક જર્મન વૈજ્ઞાનિકે પ્લેન બનાવવા પ્રયત્ન કર્યો હતો, પણ તેનું એ પ્રયોગમાં મૃત્યુ થયું હતું.' તેથી છાપાંમાં સમાચાર છપાયાં કે આ બંને ભાઇઓ નવરા અને મૂર્ખ છે. તથા 'વિકૃત આપઘાતી મનોદશાવાળા' છે.

આમ છતાં બંને ભાઇઓનાં ધીરજ ને વિશ્વાસ ઓછાં ન થયાં. આખરે તેમણે અમેરિકાના નોર્થ કેરોલિનાના દરિયા કિનારે, ૮૫૦ ફૂટ અંતર સુધીના, એક મિનિટના ૪ સફળ ઉડ્ડયન કર્યાં. પ્રયોગ જોવા આવેલ રાઇટ બ્રધર્સના મિત્રો જ નહિ, આખી દુનિયાએ આ બંને ભાઇઓની શ્રદ્ધાના વખાણ કર્યાં.


એટલે જ કહેવાયું છે : 'કરતા જાળ કરોળિયો, ભોંય પડી પછડાય, વણ તૂટેલ તાંતણે, ઉપર ચઢવા ધાય...'

ખરેખર, શ્રદ્ધાવાન્ વ્યક્તિઓ જ્ઞાન-વિદ્યા પામે જ છે. તો ચાલો બાળમિત્રો ! આપણે પણ 'શ્રદ્ધા = ધીરજપૂર્વક પુરુષાર્થ અને વિશ્વાસ.'ના ગીતાના સૂત્રને જીવનમાં ઉતારી વિદ્યા-જ્ઞાન મેળવીએ.

Once upon a time, a king was standing on the balcony of his palace. All of a sudden, a strong gust of wind came up. The wind caused a heavy window shutter to slam shut. The king's finger got caught in the shut-ter and was cut off!

Word of the accident spread through-out the town and people came to express their sympathy to the king. But, one of his close friends said to him, "Rajaji!Whatever happens, is for good reasons. It must be God's wish." When his friend said this, the wounded king became very angry. He thought, "I've

# There Is Always a Reason!



already lost my finger, now I have to lis-ten to this? Instead of being sympathet-ic, he is being mean." The king immedi-ately had his friend thrown into jail.



About a month later, the king went on a hunting trip alone into the jungle. At the same time, there was a dacoit who was looking for a victim. The dacoit worshipped a deity who required him to provide a human sacrifice. And a king would be considered a very valuable sacrifice and would please his deity immensely. So, he captured the king.


The dacoit was very excited about being able to give so perfect and valu-able a sacrifice to his deity. But then, as he was tying up the king, he realized that the king was missing one finger.

Even though it was only one missing finger, the king was no longer a suitable sacrifice for the dacoit. Bitterly disappointed, he let the king go free! Relieved, the king made his way back to his palace. He ordered his guards to release his friend from jail. Apologetically, the king said to his friend, "Dear friend, please forgive me. What you said was true. Whatever God does is always for our own good."











**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/2xXR3C1

# આપનો ડૉક્ટર મિત્ર



## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

BAPS
**પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.**
**પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ**